(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૯૧૧/૨૦૨૧**
**આંક:– ૩૯**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– અઝરુદિનભાઈ | પિતા/પતિનું નામ:– બરકતઅલીભાઈ દાદવાણી |
| | ઉ.વ.:– ૪૦ |
| ધંધો:– વેપાર | સરનામુ:– ખરાવાડ, પોસ્ટ ઓફિસ પાસે, હળવદ. હાલ રહે. હૈદરાબાદ. |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ.વ.શ્રી વી.જી.રાવલ**

**(૧)** મારુ નામ અઝરુદિનભાઈ છે. હું કુટવેરનો વેપાર કરુ છું. હું ફરીયાદી અમતુભાઈ વજાભાઈ તથા આરોપી ભાવેશભાઈ હનુભાઈ ગઢવીને ઓળખું છું. તેઓ મારી સરા રોડ ઉપર આવેલી દુકાને અવારનવાર આવતા હોય જેથી હુ તેમને ઓળખુ છુ. મારી દુકાન સરા રોડ પર આવેલી છે ત્યાં અમો તથા આ કામના આરોપી તથા ફરીયાદી સાથે બેસતા. હું આરોપી તથા ફરીયાદીને છેલ્લા પાંચ થી સાત વર્ષથી ઓળખું છું. અમતુભાઈ તથા ભાવેશભાઈ વચ્ચે આર્થિક વ્યવહાર થયેલો. મારી રૂબરૂમાં અમતુભાઈએ ભાવેશભાઈને રૂા. ૧૦,૦૦,૦૦૦/– આપેલા. આ વ્યવહાર મારી રૂબરૂમાં થયેલો. આ રૂા. ૧૦,૦૦,૦૦૦/– ભાવેશભાઈએ અમતુભાઈને પરત આપેલા હોય તેવું બનેલ નથી.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એમ.બી.બારહટ**

**(૨)** એ વાત ખરી નથી કે, હું આ જુબાની આપવા માટે સંજયભાઈ મનુભાઈ સાથે આવેલ છું. એ વાત ખરી છે કે, મારે ફરીયાદી અમતુભાઈ સાથે મીત્રતાના સંબંધ છે. હું આરોપી ભાવેશભાઈને પાચ થી સાત વર્ષથી ઓળખું છું. એ વાત ખરી છે કે, મને આરોપી તથા ફરીયાદીની આ સિવાય અંગત જાતમાહીતી નથી. હું કુટવેરનો ધંધો કરુ છું. અમતુભાઈ વજાભાઈએ આ વ્યવહાર સિવાય બીજો કોઈ વ્યવહાર કરેલ હોય અને મને સાથે રાખેલ હોય તેવું બનેલ નથી. આરોપીને રૂપિયા આપ્યા તે વખતે મારા તથા આરોપી સિવાય ફરીયાદી હાજર હતા. મને આ વ્યવહાર કરવાનો હોવાથી ફરીયાદીએ અગાઉથી બોલાવેલ નથી. આ રૂા. ૧૦,૦૦,૦૦૦/– માં ચલણી નોટો રૂા. ૫૦૦/–ની હતી પરંતુ તેના નંબરો મને ખબર નથી. આ ચલણી નોટોના વીસ બંડલો હતા. આ વ્યવહારની ચોકકસ તારીખ હું કહી શકુ તેમ નથી. આવો વ્યવહાર કરતી વખતે આરોપીએ ફરીયાદીને કોઈ વાઉચર કે લખાણ આપેલ કે કેમ તેની મને ખબર નથી. ફરીયાદી અમતુભાઈ અલગ અલગ વ્યવસાય કરે છે. આ વ્યવહાર સમયે સંજયભાઈ અને ભરતભાઈ હાજર હોય તેવું બનેલ નહી. મારી રૂબરૂ આ વ્યવહાર સિવાય બીજો કોઈ વ્યવહાર થયેલ નથી. એ વાત ખરી છે કે, મારી રૂબરૂમાં આરોપીએ રૂા. ૨૫,૦૦,૦૦૦/–નો ચેક આપેલ હોય કે તેનો વ્યવહાર

થયો હોય તેવું બનેલ નથી. મેં અમતુભાઈને આ શા બાબતના પૈસા આપે છે તેવું કાંઈ પુછેલ નથી. અમતુભાઈ તથા સંજયભાઈ અને ભરતભાઈ ત્રણેય સાથે મળીને નાણા ધીરધારનો ધંધો કરે છે. એ વાત ખરી નથી કે, મારી રૂબરૂ કોઈ નાણાનો વ્યવહાર થયેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામના ફરીયાદી મારા મીત્ર હોય તેમના સમર્થનમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

ફેરતપાસ નથી.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૦૭/૧૧/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*